# મોદીએ લવલીનાના સાહસની પ્રશંસા કરી, મીરાબાઈ સાથે ભાવુક સંવાદ

**મેડલ** વિજેતાઓ સાથે કરી હળવી વાતચીચ, મીરાબાઈને લાડુ ખવડાવ્યો

**લવલીના** સાથે બોક્સિંગ અંદાજમાં પોઝ આપ્યો





નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોમનવેલ્થ ગેમ્સ 2026ના ભારતીય મેડલ વિજેતાઓ સાથે મુલાકાત કરી હતી તેમના અનુભવ જાણ્યા, તેમની સાથે હળવી વાતચીત કરી હતી.

મોદીએ 48 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ જીતનાર વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ સાથે ખાસ વાતચીત કરી. મોદીએ વાતચીત દરમિયાન તેને લાડુ પણ ખવડાવ્યો અને પોડિયમ પર તેના આંસુ વિશે પૂછ્યું.

મોદીએ બોક્સર લવલીના બોરગોહેન અને અન્ય ખેલાડીઓ સાથે હળવી મજાક પણ કરી. લવલીનાએ 75 કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ મુલાકાતમાં રમત મંત્રી મનસુખ માંડવિયા, રાજ્યમંત્રી રક્ષા ખડસે અને IOA પ્રમુખ પી.ટી. ઉષા પણ હાજર રહ્યાં હતાં.

### મને નરેન્દ્ર નામથી નફરત થઈ ગઈ છે

+90 કિગ્રા ગોલ્ડ વિજેતા બોક્સર નરેન્દ્ર બેરવાલે 2015ની ઘટના સંભળાવી જ્યારે તેણે પાકિસ્તાની બોક્સરને હરાવ્યો હતો. બાદમાં પાકિસ્તાની બોક્સરે બેરવાલને મજાકમાં કહ્યું કે તારું નામ નરેન્દ્ર છે, તમારા કોચનું અને વડા પ્રધાનનું નામ પણ નરેન્દ્ર છે એટલે ‘મને નરેન્દ્ર નામથી નફરત થઈ ગઈ છે.’ મોદી આ વાત સાંભળી હસી પડ્યા હતા.

### ખોટા નકશા સામે અવાજ ઉઠાવવા બદલ લવલીનાની પ્રશંસા કરી

મોદીએ લવલીનાને હળવા અંદાજમાં પૂછ્યું, “શું થયું, રેસ્ટોરન્ટવાળા સાથે ઝઘડો કરી રહી હતી?” આ સાંભળીને લવલીના હસી પડી હતી. તેણે કહ્યું કે તે સમયે ટીમની શાનદાર સફળતાની ઉજવણી ચાલી રહી હતી જોકે, ત્યાં ભારતનો ખોટો નકશો જોઈને તેને સારું લાગ્યું નહીં. તેણે રેસ્ટોરન્ટના લોકોને આ બાબતે વિનમ્રતાથી જણાવ્યું અને તેમણે નકશામાં જરૂરી ફેરફાર કરવાની ખાતરી આપી હતી.’ મોદીએ લવલીનાની પ્રશંસા કરી હતી અને કહ્યું આ ઘટનાનો વીડિયોને લોકો લાંબા સમય સુધી યાદ રાખશે.

### તમારા આંસુ ગોલ્ડ મેડલ સમાન હતા

મીરાબાઈ ચાનુ જ્યારે ગોલ્ડ મેડલ લેવા પોડિયમ પર ગઈ ત્યારે તે રડી પડી હતી આ અંગે મોદીએ તેને પૂછ્યું તમે બહુ રડી રહ્યા હતા, ઘણા આંસુ ટપકી રહ્યા હતા, તમારો દરેક આંસુ ગોલ્ડ સમાન હતો.’ મીરાબાઈએ કહ્યું કે પેરિસ ઓલિમ્પિક્સમાં માત્ર 1 કિગ્રાના કારણે તે ગોલ્ડથી ચુકી ગઈ હતી. મીરાબાઈએ છેલ્લા 4 વર્ષના સંઘર્ષની વાત કરતાં કહ્યું કે પોડિયમ પર તિરંગો અને રાષ્ટ્રગીત જોઈને લાગણીઓ રોકી શકી નહોતી.

# 2027 વર્લ્ડકપના નવા ફોર્મેટ સામે સ્કોટલેન્ડ-નેધરલેન્ડનો ICC સામે મોરચો

**નવા** ફોર્મેટને કારણે એસોસિએટ દેશોની ક્વોલિફિકેશનની રાહ વધુ મુશ્કેલ બનવાની ચિંતા

**વર્લ્ડકપમાં** 18 મહિનાથી ઓછો સમય બાકી છે ત્યારે એસોસિએટ દેશો સાથે ચર્ચા વગર કરેલા ફેરફાર સામે વિરોધ કર્યો



દુબઈ, તા. 10 (પીટીઆઈ): સ્કોટલેન્ડ ક્રિકેટ અને ડચ ક્રિકેટ બોર્ડ (KNCB)એ (નેધરલેન્ડ) 2027ના વનડે વર્લ્ડકપના ક્વોલિફિકેશન અને ટુર્નામેન્ટ ફોર્મેટમાં કરાયેલા ફેરફાર સામે ICCની આકરી ટીકા કરી છે. બંને બોર્ડે કહ્યું કે વર્લ્ડકપ શરૂ થવામાં 18 મહિનાથી પણ ઓછો સમય બાકી હોવા છે ત્યારે આટલા મોટા ફેરફાર કરવાથી એસોસિયેટ દેશોની તકો ઘટી શકે છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની વિશ્વસનીયતા પર પણ અસર પડી શકે છે.

બંને બોર્ડે ફેરફારની પ્રક્રિયા સામે પણ સવાલ ઉઠાવ્યા છે. તેમના મતે એસોસિયેટ સભ્યોને આ નિર્ણય સમજવા, ચર્ચા કરવા અને પોતાનો અભિપ્રાય આપવા પૂરતો સમય મળ્યો નથી.

બંનેએ ICC પાસે વધુ સ્પષ્ટતા અને તમામ સભ્યો સાથે પારદર્શક ચર્ચાની માગ કરી છે. તેઓએ કહ્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ક્વોલિફિકેશનનો માર્ગ સ્પષ્ટ, સ્થિર અને અગાઉથી નક્કી થયેલો હોવો જરૂરી છે.

સ્કોટલેન્ડ અને ડચ ક્રિકેટ બોર્ડે ICC સાથે બે વખત બેઠક કરી હોવા છતાં બીજી બેઠક બાદ બે અઠવાડિયાથી વધુ સમયથી કોઈ જવાબ ન મળ્યો હોવાનો દાવો પણ કર્યો છે. બંને બોર્ડે ICCને એસોસિયેટ દેશો સાથે ફરી ચર્ચા શરૂ કરવાની અપીલ કરી છે.

### 2027 વર્લ્ડ કપનું નવું ફોર્મેટ

2027નો વર્લ્ડકપ 14 ટીમ સાથે રમાશે. સૌથી નીચલા ક્રમની 3 ટીમો વચ્ચે પ્રથમ તબક્કામાં રાઉન્ડ-રોબિન થશે અને તેમાં ટોચ પર રહેલી માત્ર એક ટીમ આગળ વધશે. ત્યારબાદ કુલ 12 ટીમને 6-6ના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. બંને ગ્રુપમાંથી ટોચની 3-3 ટીમો આગળના રાઉન્ડમાં પહોંચશે જ્યારે બંને ગ્રુપમાં ચોથા ક્રમની ટીમોમાંથી શ્રેષ્ઠ ટીમ આગળના રાઉન્ડમાં પહોંચશે આમ 7 ટીમ સુપર 7માં પહોંચશે. અહીંથી ટોચની 4 ટીમ સેમિફાઇનલમાં જશે અને ત્યારબાદ ફાઇનલ રમાશે.

# સરફરાઝની વાપસી: 17 કિલો વજન ઘટાડવાથી કાશ્મીરમાં કરેલી મહેનત સુધીની વાર્તા

**સાઈ** સુદર્શનની ઈજા બાદ તક મળી, ન્યૂઝીલેન્ડ સામે 150 ફટકારનાર સરફરાઝે બે વર્ષ પછી કમબેક કર્યું

**પિતાએ** શાયરી દ્વારા ખુશી વ્યક્ત કરી, કહ્યું- મહેનતને હંમેશાં નસીબનો સાથ મળે છે



નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ભારતીય ટેસ્ટ ટીમમાં લગભગ બે વર્ષ બાદ વાપસી કરનાર સરફરાઝ ખાન માટે શ્રીલંકા પ્રવાસની તક લાંબી મહેનતનું પરિણામ છે. સાઈ સુદર્શન ઈજાગ્રસ્ત થતાં સરફરાઝને 15 ઓગસ્ટથી શરૂ થતી 2 ટેસ્ટની શ્રેણી માટે ટીમમાં સ્થાન મળ્યું છે. છેલ્લા દોઢ વર્ષમાં તેણે લગભગ 17 કિલો વજન ઘટાડ્યું છે અને પોતાની ફિટનેસ પર પણ ખાસ કામ કર્યું છે.

શ્રીલંકામાં ભારતીય ટીમ સાથે પ્રેક્ટીસ કરવા પહોંચેલા સરફરાઝને જોઈને સૌ આશ્ચર્યમાં પડ્યા હતા કારણ કે તે પહેલાં કરતાં બહુ જ સ્લિમ અને ફીટ લાગી રહ્યો હતો.

મુંબઈમાં ચોમાસાને કારણે નિયમિત પ્રેક્ટિસ શક્ય ન હોવાથી સરફરાઝે કાશ્મીરના શેર-એ-કાશ્મીર સ્ટેડિયમમાં કલાકો સુધી નેટ્સમાં બેટિંગ કરી. આ ઉપરાંત MCAની ઈન્ડોર સુવિધા અને ખાનગી મેદાનોમાં લાલ માટીની વિકેટ પર સ્પિન સામે બેટિંગની ખાસ પ્રેક્ટિસ કરી. તેનો ફાયદો રણજી ટ્રોફી 2025-26માં પણ મળ્યો, જ્યાં તેણે 7 મેચમાં 429 રન બનાવ્યા અને તેની સરેરાશ 53.62 રહી.

સરફરાઝે ભારત માટે અત્યાર સુધી 6 ટેસ્ટમાં 371 રન બનાવ્યા છે, જેમાં 1 સદી અને 3 અડધી સદી સામેલ છે. ન્યૂઝીલેન્ડ સામે બેંગલુરુમાં 150 રનની તેની યાદગાર ઈનિંગ્સ ખાસ રહી હતી.

સરફરાઝની ટીમમાં વાપસી બાદ તેના પિતા નૌશાદે શાયરી દ્વારા ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ‘ભલે અનેક રાતો કે બાદ સુરજ નીકલા હે, ભલે અનેક રાતો કે બાદ, પર મહેનત કો હંમેશા મીલતા હે નસીબ કા સાથ.’ આ સંદેશ સાંભળીને સરફરાઝ પણ ભાવુક થયો હતો.



# આફ્રિકા કપમાં મોટા અપસેટ, કેમરૂન અને મલાવી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય

કાસાબ્લેન્કા (મોરોક્કો), તા. 10 (એપી): મહિલા આફ્રિકા કપ ઓફ નેશન્સમાં રવિવારે મોટા અપસેટ સર્જાયા. કેમરૂને ડિફેન્ડિંગ ચેમ્પિયન અને 10 વખતની ચેમ્પિયન નાઈજીરિયાને 1-0થી હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો, જ્યારે પ્રથમ વખત ટૂર્નામેન્ટ રમી રહેલા મલાવીએ ઘાનાને 2-1થી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવવાની સાથે 2027 મહિલા વર્લ્ડકપ માટે પણ ક્વોલિફાય કર્યું.

કાસાબ્લાન્કામાં રમાયેલી મેચમાં 19 વર્ષની મિરિયમ ન્યાદજૂએ 19મી મિનિટે ફ્રી-કિકથી કેમરૂનને સરસાઈ અપાવી હતી. ત્યારબાદ ગોલકીપર માઈકલિ બિહિનાએ શાનદાર બચાવો કરીને નાઈજીરિયાને બરાબરી કરતા રોક્યું. નાઈજીરિયા માટે આ મોટો આંચકો છે, કારણ કે તે પ્રથમ વખત આફ્રિકા કપની સેમિફાઈનલમાં પહોંચી શક્યું નથી. કેમરૂન હવે બુધવારે યજમાન મોરોક્કો સામે રમશે.

બીજી બાજુ રબાતમાં મલાવીએ ઘાના સામે ઐતિહાસિક જીત મેળવી. ટેમ્વા ચાવિંગાએ એક ગોલ કર્યો અને બીજા ગોલમાં મદદ કરી. ઘાનાની ચેન્ટેલ બોય-ન્હોરકાહે શરૂઆતમાં ગોલ કર્યો હતો, પરંતુ ચાવિંગાએ તરત જ બરાબરી કરી. રોઝ કડઝેરેએ મોડેથી વિજેતા ગોલ કર્યો. મલાવી હવે અલ્જેરિયા સામે રમશે.

ચારેય સેમિફાઈનલિસ્ટ સીધી 2027 મહિલા વર્લ્ડકપ માટે ક્વોલિફાય થશે. નાઈજીરિયા અને ઘાનાને હવે ઈન્ટરકોન્ટિનેન્ટલ પ્લેઓફની બે જગ્યાઓ માટે ગુરુવારે રમવું પડશે.

# ભારતીય મૂળની બોધના અને શ્રેયસે બ્રિટિશ ચેસમાં રચ્યો ઈતિહાસ

**11 વર્ષની** બોધના બ્રિટનની સૌથી નાની મહિલા ચેસ ચેમ્પિયન

**ભારતીય** મૂળના 17 વર્ષીય શ્રેયસે અનુભવી ગ્રાન્ડમાસ્ટરોને પાછળ છોડી બ્રિટિશ ટાઈટલ જીત્યું



લંડન, તા. 10 (પીટીઆઈ): ભારતીય મૂળની 11 વર્ષની બોધના શિવાનંદન અને 17 વર્ષના શ્રેયસ રોયલે 2026 બ્રિટિશ ચેસ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. કોવેન્ટ્રીમાં રવિવારે પૂર્ણ થયેલી ચેમ્પિયનશિપમાં બોધના બ્રિટનની સૌથી નાની વયની મહિલા ચેસ ચેમ્પિયન બની, જ્યારે શ્રેયસે ઓપન કેટેગરીનું બ્રિટિશ ટાઈટલ જીત્યું.

બોધનાએ આયર્લેન્ડની 14 વર્ષની પ્રતિભાશાળી ખેલાડી ત્રિશા કન્યામારાલા સામે રોમાંચક રેપિડ ચેસ પ્લેઓફમાં જીત મેળવીને ખિતાબ પોતાના નામે કર્યો. કોમેન્ટ્રી દરમિયાન ગ્રાન્ડમાસ્ટર ડેની ગોર્મલીએ તેની પ્રતિભાને પેઢીમાં એકવાર જોવા મળતી પ્રતિભા ગણાવી હતી. કોવિડ લોકડાઉન દરમિયાન બોધનાએ પહેલીવાર ચેસ રમવાનું શરૂ કર્યું હતું. ત્યારથી તે અનેક રેકોર્ડ બનાવી ચૂકી છે. તે યુકે ઓપન મહિલા બ્લિટ્ઝ ચેમ્પિયન અને સંયુક્ત બ્રિટિશ મહિલા રેપિડ ચેમ્પિયન પણ છે.

શ્રેયસે 9 રાઉન્ડ બાદ ટોચનું સ્થાન મેળવીને બ્રિટિશ ટાઈટલ જીત્યું અને અનુભવી ઈંગ્લિશ ગ્રાન્ડમાસ્ટરો કરતાં અડધો પોઈન્ટ આગળ રહ્યો. ભારતમાં જન્મેલો શ્રેયસ 3 વર્ષની ઉંમરે માતા-પિતા સાથે બ્રિટેન ગયો હતો. 15 વર્ષની ઉંમરે તે ઈંગ્લેન્ડનો સૌથી નાની વયનો ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો.

122 વર્ષના ઈતિહાસમાં આ વર્ષની ચેમ્પિયનશિપ સૌથી મોટી રહી, જેમાં 1,750થી વધુ એન્ટ્રી અને ઓપન ચેમ્પિયનશિપ માટે રેકોર્ડ 34,000 પાઉન્ડનું ઈનામ હતું.

# તલવારબાજીમાં ભારતનો દબદબો, U-23 કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં 17 મેડલ



**4 ગોલ્ડ,** 4 સિલ્વર અને 9 બ્રોન્ઝ સાથે ભારતે ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે જ મજબૂત દાવેદારી નોંધાવી

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): નાઈજીરિયાના લાગોસમાં ચાલી રહેલી U-23 કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં (તલવારબાજી) ભારતે શાનદાર શરૂઆત કરતાં પ્રથમ જ દિવસે 4 ગોલ્ડ સહિત કુલ 17 મેડલ જીતી લીધાં છે. ભારતીય ખેલાડીઓએ 4 ગોલ્ડ, 4 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા છે.

ચેમ્પિયનશિપ 14 ઓગસ્ટ સુધી ચાલવાની છે. ભારતે પુરુષો અને મહિલાઓની ત્રણેય કેટેગરી સાબર, ફોઈલ અને એપીમાં દબદબો જાળવી રાખ્યો છે. તમામ 6 વ્યક્તિગત ઈવેન્ટમાં ઓછામાં ઓછો એક ભારતીય ખેલાડી પોડિયમ પર પહોંચ્યો હતો.

પુરુષોની સાબર સ્પર્ધામાં નિખિલ વાઘે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે લક્ષ્ય બડસરે સિલ્વર મેળવ્યો. અશ્વિની આર્યા અને લાઈશરામ મોરંબાએ બ્રોન્ઝ જીત્યો. પુરુષોની ફોઈલમાં તેજસ પાટીલે સિલ્વર અને હેમાશ સનાસમે બ્રોન્ઝ મેળવ્યો. એપીમાં લોકેશ વેમાનીએ સિલ્વર, જ્યારે શૌર્ય અશ્વિની અને ગોડવિન અનબકેસે બ્રોન્ઝ જીત્યો.

મહિલાઓમાં ફોઈલમાં જોયસ અશિતાએ ગોલ્ડ અને કનાગલક્ષ્મીએ સિલ્વર મેળવ્યો. એપીમાં પ્રાચી લોહાને ગોલ્ડ, જ્યારે નિવેધ્યા નાયર અને અનુપ્રિયાએ બ્રોન્ઝ જીત્યો. સાબરમાં જેફરલિને ગોલ્ડ, આખારીએ સિલ્વર અને શ્રેયા ગુપ્તાએ બ્રોન્ઝ મેળવ્યો. ભારતીય ટીમના પ્રદર્શન બદલ તલવારબાજી એસોસિયેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ રાજીવ મહેતાએ ખેલાડીઓ, કોચ, સપોર્ટ સ્ટાફ અને પરિવારોને અભિનંદન પાઠવ્યા.

## અનુસંધાન... પાના પહેલાનું

### H1-B, L-1 વિઝા...

H-1B અથવા L-1 સ્ટેટસ પર હજારો ઓનશોર ભારતીય એન્જિનિયરોનું સંચાલન કરતી આઈટી સર્વિસ ફર્મ માટે, આ નવો નિયમ ક્યારેક-ક્યારેક થતા ખર્ચને વાર્ષિક કરોડો ડોલરના ઓપરેશનલ ખર્ચમાં ફેરવી નાખે છે.

### ઝારખંડ ભરતી પરીક્ષા...

દિવસથી આંદોલન કરી રહ્યા છે. આંદોલનકારીઓ ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (JPSC) અને ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC)માં વ્યાપક સુધારાની પણ માંગ કરી રહ્યા છે. તેઓ 14મી ઝારખંડ PSC સિવિલ સર્વિસિસ પરીક્ષા સહિત અનેક ભરતી પરીક્ષાઓ રદ કરવાની અને કથિત ગેરરીતિઓની CBI દ્વારા અથવા રાજ્ય બહારના હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોની સમિતિ દ્વારા સ્વતંત્ર તપાસની માંગ કરી રહ્યા છે.

### સતત બીજા મહિને...

અનુસાર, રશિયા ૨૦૨૧માં ભારતને પ્રતિ દિવસ ૧,૦૦,૦૦૦ બેરલથી ઓછો પુરવઠો પૂરો પાડતું હતું, જે ભારતની ક્રૂડ આયાતના અંદાજે ૨.૫ ટકા જેટલો હતો. ૨૦૨૨માં આ જથ્થો વધીને પ્રતિ દિવસ અંદાજે ૭,૪૦,૦૦૦ બેરલ અને ૨૦૨૩માં લગભગ ૧૮ લાખ બેરલ પ્રતિ દિવસ થયો હતો, જેનાથી રશિયા તે વર્ષે આશરે ૩૯ ટકા આયાત હિસ્સા સાથે ભારતનું સૌથી મોટું ક્રૂડ સપ્લાયર બન્યું હતું.

### ઇથેનોલ મિશ્રિત...

બ્રાઝિલ સાથેની સરખામણી વિશે બોલતા હુસૈને કહ્યું કે, ભારતથી વિપરીત દક્ષિણ અમેરિકાનો આ દેશ આ પ્રકારના બળતણ તરફ ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. તેમણે ઉમેર્યું, બ્રાઝિલ પણ ખાંડનું ભારી માત્રામાં ઉત્પાદન કરે છે. તે 45 મિલિયન ટન ખાંડનું ઉત્પાદન કરે છે અને તેમાંથી 36 મિલિયન ટનની નિકાસ કરે છે. તે દેશની વસ્તી ઓછી છે અને ઉત્પાદન માટે મોટો વિસ્તાર છે. એવા અભ્યાસો પણ છે જે કહે છે કે આબોહવા પરિવર્તન ભારતનું ઉત્પાદન 25 ટકા સુધી ઘટાડી શકે છે. એટલા માટે બ્રાઝિલ સાથેની સરખામણી યોગ્ય નથી. રઘુનંદને ભલામણ કરી હતી કે સરકારે E10 ફ્યુઅલ પર પાછા જવું જોઈએ અને E20 ફ્યુઅલનો ઉપયોગ બંધ કરવો જોઈએ.

### ઇથેનોલ ભેળવ્યા પછી...

માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા તેમની સંબંધિત R|D સંસ્થાઓ દ્વારા માન્ય પ્રયોગશાળાઓ અને ઓટોમોબાઈલ ઉત્પાદકોના સહયોગથી ડીઝલમાં ઈથેનોલના મિશ્રણ પર વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમાં એવું જોવા મળ્યું હતું કે ઈથેનોલ મિશ્રિત ડીઝલ તેના ફ્લેશ પોઈન્ટના માપદંડને પૂર્ણ કરતું ન હતું, કારણ કે ઈથેનોલની હાજરીના લીધે તેનું ફ્લેશ પોઈન્ટ ભારે પ્રમાણમાં ઘટી ગયું હતું. આ પરિણામો એવા સમયે આવ્યા છે જ્યારે ભારત વાહન વ્યવહારના બળતણ તરીકે ઈથેનોલના ઉપયોગને વધારવા અને સ્થાનિક સ્તરે વધતા ઉત્પાદન માટે નવા વિકલ્પો શોધી રહ્યું છે. સરકારે અત્યાર સુધી તેના ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ) પર કેન્દ્રિત રાખીને પેટ્રોલમાં ૨૦ ટકા મિશ્રણનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

### ભરતી પરીક્ષામાં ગોટાળા:...

ડાયરેક્ટર જનરલ (ADG) મનોજ કૌશિકે PTIને જણાવ્યું કે, અમે ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓના મામલે JPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગતેની ધરપકડ કરી છે. ખિયાંગતેની 28 જુલાઈથી અત્યાર સુધી ચાર વખત પૂછપરછ કરવામાં આવી હતી. એજન્સી દ્વારા લેવાયેલી ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓના વિરોધમાં પરીક્ષાર્થીઓ દ્વારા કરવામાં આવી રહેલા ભારે વિરોધ પ્રદર્શન વચ્ચે JPSC ના ત્રણેય સભ્યોએ રાજીનામું આપ્યાના એક દિવસ બાદ આ ધરપકડ કરવામાં આવી છે. ખિયાંગતેની ધરપકડ સાથે આ કેસમાં CID દ્વારા ધરપકડ કરાયેલા લોકોની કુલ સંખ્યા વધીને 20 થઈ ગઈ છે. કથિત ગેરરીતિઓના સંબંધમાં સીઆઈડી દ્વારા તેમના સરકારી નિવાસસ્થાન સહિતના કેટલાક સ્થળો પર દરોડા પાડવામાં આવ્યાના એક દિવસ પહેલા જ તેમણે JPSCના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું. જો કે, ખિયાંગતેએ દાવો કર્યો હતો કે આ મામલાની નિષ્પક્ષ તપાસ થઈ શકે તે માટે તેમણે સ્વેચ્છાએ રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો.

### ઝારખંડમાં વિધાનસભા...

લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. ઝારખંડના રાંચીમાં JPSC-JSSC પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા હજારો વિદ્યાર્થીઓ બેરિકેડ તોડીને વિધાનસભાના ગેટ પર પહોંચ્યા. વિદ્યાર્થીઓ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. પોલીસે તેમને ગેટ પરથી દૂર કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ જ્યારે તેઓએ ના પાડી, ત્યારે તેમને લાઠીચાર્જ કરીને વિખેરવામાં આવ્યા. પ્રદર્શનકારીઓએ ઝારખંડ વિધાનસભા નજીક લગાવવામાં આવેલા મલ્ટીપલ બેરિકેડ્સ તોડી નાખ્યા બાદ આ અથડામણ થઈ હતી. પ્રદર્શનકારીઓએ આક્ષેપ કર્યો હતો કે પોલીસની આ કાર્યવાહીમાં મહિલાઓ સહિત તેમના અનેક સાથીઓ ઘાયલ થયા છે, જ્યારે રાંચી સિટી એસપી પારસ રાણાએ જણાવ્યું હતું કે પ્રદર્શનકારીઓ દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં ચાર પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચી છે. પ્રદર્શનકારીઓ બેરિકેડ્સ તોડીને વિધાનસભાના ગેટ નંબર ૧ સુધી પહોંચી ગયા હતા, જ્યાં તેઓ ધરણા પર બેસી ગયા હતા અને જ્યાં સુધી તેમની માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી ત્યાંથી હટવાનો ઇનકાર કર્યો હતો. આ દરમિયાન પોલીસે ફરી એકવાર લાઠીચાર્જ કર્યો હતો. ભરતી પરીક્ષાની ગેરરીતિઓ વિરુદ્ધ ચાલી રહેલા આંદોલનના ૧૭મા દિવસે આ કૂચ સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ જૂની વિધાનસભા ઈમારતની બહારથી શરૂ થઈ હતી. આ સંયોગ એવો હતો કે આજે મુખ્યમંત્રી હેમંત સોરેનનો ૫૧મો જન્મદિવસ પણ હતો. જ્યારે પ્રદર્શનકારીઓ જગન્નાથપુર મંદિર પાસે પહોંચ્યા ત્યારે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. પ્રદર્શનકારીઓએ છેલ્લી આડશ ઓળંગવાનો પ્રયાસ કરતા સ્થિતિ વધુ વણસી હતી, જેના કારણે પોલીસે ફરીથી લાઠીચાર્જ કરવો પડ્યો હતો. જ્યારે પ્રદર્શનકારીઓ વિધાનસભાથી લગભગ ૨૦૦ મીટરની અંદર આવી ગયા, ત્યારે ટીયર ગેસના કેટલાક રાઉન્ડ પણ છોડવામાં આવ્યા હતા. પ્રદર્શનકારીઓમાંના એક પીયૂષ કુમાર સોનીએ જણાવ્યું હતું કે, લાઠીચાર્જ બર્બર હતો. અમે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા, પરંતુ સરકારે અમારી સામે લાઠીઓનો ઉપયોગ કર્યો. હઝારીબાગ જિલ્લામાંથી આવેલા વિક્રમ કુમારે પણ દાવો કર્યો હતો કે તેમના માથામાં ઈજા થઈ છે. જો કે, રાંચી સિટી એસપી પારસ રાણાએ જણાવ્યું હતું કે કૂચ દરમિયાન થયેલા પથ્થરમારામાં ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા છે.

### દિલ્હી ડાયરી...

બંને નેતાઓ વચ્ચે ઉત્તમ સંબંધો છે અને તેમણે આ સંદર્ભમાં થોડી વાર ફોન પર વાત પણ કરી છે. રિજિજુ સહયોગ મેળવવા માટે ગાંધીને રૂબરૂ પણ મળ્યા હતા.

**પૂર્વ સાંસદોના આવાસના દુરુપયોગ પર કડક કાર્યવાહી**

સત્તાના કેન્દ્ર ગણાતા મધ્ય દિલ્હીના પોશ વિસ્તારમાં આવેલા પ્રતિષ્ઠિત દિલ્હી જીમખાના ક્લબ, જયપુર પોલો ગ્રાઉન્ડ અને આવી જ અન્ય સંપત્તિઓને ખાલી કરાવવાના આદેશના અહેવાલો બાદ હવે આવી જ એક નવી બાબત સામે આવતાં પૂર્વ સાંસદોનો મિજાજ બગડે તેવી શક્યતા છે. પરંપરાગત નિયમો મુજબ, વર્તમાન સાંસદો તેમ જ પૂર્વ સાંસદો બંનેને તેમને ફાળવવામાં આવેલા સત્તાવાર બંગલા અથવા ફ્લેટ ઉપરાંત અતિથિ આવાસ મેળવવાનો હક હતો.